જગન્નાથજીની નેત્રોત્સવ વિધિ

શુક્રવારે અષાઢી બીજના દિવસે રથયાત્રા નીકળશે : સી આર પાટીલ, ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી, મેયર કિરીટ પરમાર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન હિતેશ બારોટ મંદિરે પહોંચ્યા



અમદાવાદ,તા.૨૯

આજે ભગવાન જગન્નાથજીની નેત્રોત્સવ વિધિનો કાર્યક્રમ મંદિરમાં શરૂ થઈ ચૂક્યો છે. ભાજપના અધ્યક્ષ સી આર પાટીલ, ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી, મેયર કિરીટ પરમાર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન હિતેશ બારોટ મંદિરે પહોંચ્યા છે. સી આર પાટીલ ધ્વજારોહણ કરશે. હાલ મંદિરમાં નેત્રોત્સવ વિધિ શરૂ કરવામાં આવી છે. ભગવાન મામાના ઘરેથી નીજ મંદિર પરત ફર્યા છે. એટલે મામાના ઘરે ભગવાન જગન્નાથજીને આંખો આવી છે. જેણા કારણે ભગવાનની નેત્રોત્સવ વિધિ યોજાય છે. નેત્રોત્સવ વિધિ સમયે સી.આર.પાટિલે ખાસ હાજરી આપી છે. નેત્રોત્સવ વિધિ બાદ આજે ધ્વજા રોહણની સાથે મહાઆરતી કરવામાં આવશે. ભક્તો આતુરતાથી ભગવાન જગન્નાથની રથયાત્રાની રાહ જોઈને બેસ્યા હતા, તે ઘડી હવે નિકટ આવી ચૂકી છે. શુક્રવારે અષાઢી બીજના દિવસે રથયાત્રા નીકળશે. ત્યારે ભગવાન જગન્નાથ મામાના ઘરેથી નિજ મંદિર આવી ગયા છે. તેમની મંદિરમાં પુન સ્થાપના કરવામાં આવી છે. આજે ભગવાનની નેત્રોત્સવ વિધિ કરવામાં આવી રહી છે. જેમાં ભગવાનની આંખે પાટા બાંધવામાં આવશે. આ પ્રસંગે ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી. આર.પાટીલ, ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના યજમાનો ભગવાનની નેત્રોત્સવની વિધિમાં જોડાયા છે. ત્યારબાદ ધ્વજારોહણની વિધિ કરવામાં આવશે અને ત્યારબાદ મહાઆરતી કરાશે. નેત્રોત્સવની વિધિ સવારથી શરૂ કરવામાં આવે છે. આ વિધિમાં યજમાનો ઉપરાંત ભક્તો સહિત અનેક નેતાઓ આ પૂજામાં ભાગ લે છે. હાલ મોટી સંખ્યામાં ભક્તો મંદિરે પહોંચ્યા છે. બીજી બાજુ નેત્રોત્સવ વિધિને પગલે જમાલપુરના જગન્નાથ મંદિર ખાતે પોલીસનો કાફલા ઉતારવામાં આવ્યો છે. સાથે જ મંદિરમાં આવી રહેલા તમામ લોકો પર નજર રાખવામાં આવી રહી છે.

શહેરને પ્રદૂષિત કરતા રામોલના વેપારીની પીસીબીએ ધરપકડ કરી

શહેરને પ્રદૂષિત કરતા લોકોની હવે ખેર નથી : જે ખેતરમાં તે આ કચરો ફેંકી રહ્યો છે તે ખેતર વ્યક્તિ પાસેથી મહિને ૭ હજાર રૂપિયા આપી ભાડેથી લીધુ હતું

અમદાવાદ,તા.૨૯

અમદાવાદ શહેરમાં કેટલાક વેપારીઓ પોતાના ફાયદા માટે લોકોના જીવને જોખમમાં મૂકી દેતા હોય છે. જેને લઈને જીપીસીબીને કાર્યવાહી કરવાની સત્તા આપવામાં આવી છે. અમદાવાદના રામોલ વિસ્તારમાઁ ઝમ્એ ઘટનાની ગંભીરતાને જોઈને જીપીસીબીને સાથે રાખી એક ખુલ્લા મેદાનમાં ગંદકી ફેલાવવા મામલે કાર્યવાહી કરીને એક વેપારીની ધરપકડ કરી લીધી છે. હાલ પીસીબીએ આરોપી સામે ૨૮૪, ૨૭૮ અને પર્યાવરણ સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ કલમ ૭,૮,૧૫(૧) મુજબ ગુનો દાખલ કર્યો છે. આ ગુનામાં અન્ય કોઈ આરોપી સામેલ છે કે નહીં તેની તપાસ શરૂ કરવામાં આવી છે. પીસીબીને માહિતી મળી હતી કે રામોલ વિસ્તારમાં સાજીદ અંસારી નામનો એક વ્યક્તિ પોતાની જગ્યામાં સેડ બનાવીને સેડમાં પ્લાસ્ટિકના જોખમી ઘન કચરાનું પ્રોસેસિંગ કરી પોતાના સેડની સામે ખુલા ખેતરમાં પ્રદૂષિત પાણી સહિત જોખમકારક વસ્તુઓ ફેંકી રહ્યો છે. માહિતીના આધારે પીસીબીએ કાર્યવાહી કરીને તેની ધરપકડ કરી છે.

મળતી માહિતી પ્રમાણે જે ખેતરમાં તે આ કચરો ફેંકી રહ્યો છે તે ખેતર એક વ્યક્તિ પાસેથી મહિને ૭ હજાર રૂપિયા આપી ભાડેથી લીધું હતું. આ પ્રોસેસ માટે તેણે કોઈ સરકારી પરવાનગી લીધી છે કે કેમ તે વિશે પૂછતાં તેણે જણાવ્યું હતુ કે, આ બાબતે કોઈ પરવાનગી લીધી નથી. આ બાબતે તેની ધરપકડ કરી આગળની કાર્યવાહી માટે રામોલ પોલીસને સોંપી દેવામાં આવ્યો છે. મહત્ત્વની વાત એ છે કે આવી તો એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે, પરંતુ આવા અનેક લોકો નદીઓમાં કેમિકલયુક્ત પાણી નાખીને લોકોના જીવ સાથે રમત રમી રહ્યા છે. આ તમામ સામે જીપીસીબીએ કાર્યવાહી કરવી જોઈએ. હાલ પીસીબીએ આરોપી સામે ૨૮૪, ૨૭૮ અને પર્યાવરણ સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ કલમ ૭,૮,૧૫(૧)મુજબ ગુનો દાખલ કર્યો છે. આ ગુનામાં અન્ય કોઈ આરોપી સામેલ છે કે નહીં તેની તપાસ શરૂ કરવામાં આવી છે.

કર્ણાવતી ક્લબ પાસે જીપની ટક્કરથી બાઈક પર જતા બે યુવાનોનાં મોત

વ્યક્તિએ ઘરે ભાઈને ૮ વાગ્યે ફોન કરીને સાથે જમીશું તેમ કહ્યું હતું પરંતુ એ પછી આવેલા ફોને મોટો ધ્રાસ્કો આપ્યો

અમદાવાદ,તા.૨૯

અમદાવાદમાં કર્ણાવતી ક્લબથી એસપી રિંગરોડને જોડતા માર્ગ પર ગઈકાલે રાત્રે થયેલી એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બે લોકોના મોત થયા હોવાની વિગતો સામે આવી રહી છે. આ અકસ્માત ફોર વ્હીલર અને ટુ-વ્હીલર વચ્ચે થયો હતો, જેમાં ટુ-વ્હીલર પર સવાર બન્ને લોકોના મોત થઈ ગયા છે. આ ઘટનામાં અકસ્માત સર્જનાર ફોર-વ્હીલરનો વાહનચાલક ફરાર થઈ ગયો હતો. જોકે મોંઘીદાટ કાર પર લોકોએ આક્રોશ ઠાલવીને તોડફોડ કરી હતી. જે કાર સાથે બાઈકનો અકસ્માત થયો હતો તેમાં ૪-૫ જેટલા લોકો સવાર હોવાનું જાણવા મળી રહ્યું છે. અકસ્માતમાં મૃત્યુ પામનારા સુરેશ નામના વ્યક્તિએ ઘરે ભાઈને ૮ વાગ્યે ફોન કરીને સાથે જમીશું તેમ કહ્યું હતું પરંતુ એ પછી આવેલા ફોને મોટો ધ્રાસ્કો આપ્યો. શહેરના એસપી રિંગ રોડ પાસે બનેલી આ અકસ્માતની ઘટના મંગળવારે રાત્રે બની હતી. જેમાં કર્ણાવતી ક્લબથી એસપી રિંગ રોડને જોડતા માર્ગ પર ડાયમંડ સર્કલ પાસે થાર જીપ ચાલકે બાઈકચાલકને અડફેટે લીધો હતો. ઘટના સ્થળ પર હાજર એક વ્યક્તિએ જણાવ્યું કે જીપ રોંગ સાઈડમાંથી આવતી હતી, એણે આગળ કશું જોયું ના જોયું કે સીધી બાઈકને ટક્કર મારી દીધી હતી. બાઈક પર સવાર બે લોકોના આ અકસ્માતમાં મોત થઈ ગયા છે. આ અકસ્માત એટલો ગંભીર હતો કે બન્ને યુવાનોના ઘટના સ્થળ પર જ મોત થઈ ગયા હતા. જીપ ચાલક કોણ હતું તે ખબર નથી પડી. અકસ્માતની ઘટનામાં પોતાના ભાઈને ગુમાવી દેનારા વ્યક્તિએ જણાવ્યું કે, મારે ભાઈ સાથે ૮ વાગ્યે ફોન પર વાત થઈ હતી અને તેણે કહ્યું હતું કે હું ઘરે આવું છું તું જમી લેજે.. અને જો તારે ના જમવું હોય તો હું આવું પછી આપણે બન્ને ભેગા થઈને જમીએ.. આ પછી ફરી ફોન આવ્યો કે સુરેશનું એક્સિડેન્ટ થયું છે. પોતાના ભાઈને ગુમાવનારી વ્યક્તિએ કહ્યું કે, રોંગ સાઈડથી આવતી કારે ટક્કર મારતા આ અકસ્માત સર્જાયો છે. અકસ્માત સર્જનાર વાહનચાલક સામે કાર્યવાહી થવી જોઈએ તેવી માંગ મૃતકના ભાઈએ કરી છે.

કેનાલોમાં ૧૭૦૦૦ ક્યૂસેક પાણી છોડવામાં આવશે

ગાંધીનગર , તા.૨૯

ગુજરાતના ઘણા એવા ગામો છે જે પાણી ઝંખી રહ્યા છે. તળાવ અને નદીઓમાં પાણી ન હોવાને કારણે ખેડૂતોએ ખેતી કરવી મુશ્કેલ બની છે. એવા ઘણા ગામો છે જ્યાં સરકાર દ્વારા પાણી છોડવામાં ન આવતા પાણી વિના રહેવાનો વારો આવે છે તો બીજી એવા પણ ગામો છે જ્યાં કેનાલોમાં ભ્રષ્ટાચારના ગાબડા પડી જતા ખેડૂતો સુધી પાણી પહોંચતુ નથી. ત્યારે હવે રાજ્યમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે પરંતુ હજી પણ એવા ઝોન છે જ્યાં પુરતો વરસાદ પડ્યો નથી પરિણામે ખેડૂતો વાવણી કરવા માટે વરસાદની મીટ માંડીને બેઠા છે. ત્યારે વરસાદ ખેંચાતા રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો માટે મહત્વની જાહેરાત કરવામાં આવી છે.

વરસાદ ખેંચાતા રાજ્ય સરકારનો નિર્ણય : સરકારે ઉત્તર ગુજરાતના ૭૦૦ કરતા વધારે તળાવ કે જે સુજલામ સુફલામ યોજના સાથે જોડાયેલા છે તેમાં પણ પાણી નાંખવાનો નિર્ણય કર્યો

ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ખેડૂતો વાવણીલાયક વરસાદની રાહ જોઈ રહ્યા છે. પરંતુ વરસાદ ખેંચાતા ખેડૂતો ચિંતિત બન્યા છે. તેવામાંસીએમ ભૂપેન્દ્ર પટેલ દ્વારા ખાસ નિર્ણય લેવામાં આવ્યો છે. નર્મદા યોજનાનો લાભ લેવા માટે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ખેડૂતો માટે નહેરો થકી અને નર્મદાની નહેરો સાથે જોડાયેલા તળાવો ભરીને ખેડૂતો ખરીફ પાકની વાવણી કરી શકે તે માટે નર્મદા મુખ્ય નહેરમાં આજથી ૧૭૦૦૦ ક્યુસેક પાણી છોડવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. મુખ્ય કેનાલ અને બ્રાન્ચ કેનાલ મારફતે પાણી પહોચાડવામાં આવશે.

સરકારે ઉત્તર ગુજરાતના ૭૦૦ કરતા વધારે તળાવ કે જે સુજલામ સુફલામ યોજના સાથે જોડાયેલા છે તેમાં પણ પાણી નાંખવાનો નિર્ણય કર્યો છે. આશરે એક અઠવાડિયા સુધી પાણી ચલાવવામાં આવશે. ૧૧ લાખ હેક્ટર વિસ્તારના ખેડૂતોને ખરીફ પાકની વાવણી માટે મુશ્કેલી ન પડે તે માટે આ નિર્ણય કર્યો છે. જે તળાવોને કેનાલ અને પાઈપલાઈન દ્વારા જોડાયેલા છે તેવા તમામ તળાવોમાં પાણી નાંખવામાં આવશે. તો બીજી તરફ બનાસકાંઠામાં કરમાવદ તળાવ અને મુક્તેશ્વર ડેમને ભરવા માટે રાજ્યસરકાર દ્વાર સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે ત્યારે આ અંગે પણ ટૂંક સમયમાં ૩ વિકલ્પોમાંથી એક વિકલ્પ પસંદ કરીને સૈદ્ધાંતિક મંજૂરી સાથે કરમાવદ તળાવ ભરવા આશરે ૫૦૦ કરોડ કરતા વધારે રકમના ખર્ચે આયોજન થઈ રહ્યું છે. મુક્તેશ્વર ડેમ સહિત અન્ય ચાર તાલુકાઓમાં પણ પાણી ભરવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

હનીટ્રેપમાં ફસાવી લાખો પડાવનાર ચાર લોકોની ધરપકડ

પાટણ,તા.૨૯

આજકાલ હનીટ્રેપના અનેક કિસ્સા સામે આવી રહ્યા છે. આ ઉપરાંત વીડિયો કૉલ કરીને બીભત્સ હરકતો કરીને તેનો વીડિયો વાયરલ કરવાની ધમકી આપીને પૈસા પડાવવાના કિસ્સા પણ વધી રહ્યા છે. થોડા દિવસ પહેલા હારિજના એક પ્રતિષ્ઠિત વ્યક્તિને એક ટોળકીએ હનીટ્રેપમાં ફસાવ્યો હતો. એટલું જ નહીં, ટોળકીએ આ વ્યક્તિ પાસેથી લાખો રૂપિયા પડાવી લીધા હતા. આ મામલે પોલીસ ફરિયાદ દાખલ થતા પોલીસે તપાસ કરીને ચાર આરોપીની ધરપકડ કરી છે. ધરપકડ કરવામાં આવેલા ચાર લોકોમાં બે યુવતીનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે પાટણમાં આ પહેલા ભદ્ર કચેરી વિસ્તારમાં રહેતા ખેડૂત અને જમીન લે-વેચ કરતા બિલ્ડર સાથે પણ હનીટ્રેપની ઘટના બની હતી. મળતી માહિતી પ્રમાણે પાટણી લોકલ ક્રાઈમ બ્રાંચ પોલીસે હનીટ્રેપમાં ફસાવતી ગેંગના ચાર લોકોની ધરપકડ કરી છે. આ ગેંગે થોડા દિવસ પહેલા હારિજના એક પ્રતિષ્ઠિત વ્યક્તિને હનીટ્રેપમાં ફસાવ્યો હતો. જે બાદમાં આ કેસના ફરિયાદીનો અર્ધનગ્ન હાલતમાં વીડિયો બનાવીને તેની પાસેથી ૧૦ લાખ રૂપિયાની માંગણી કરી હતી. આ ગેંગે ફરિયાદીની વીડિયો વાયરલ કરવાની ધમકી આપી તેમજ અલગ અલગ રીતે બ્લેકમેલ કરીને પાંચ લાખ જેટલી રકમ ખંખેરી પણ લીધી હતી. આ કેસની વિગત એવી છે કે રાધનપુરની બે યુવતી અને બે યુવકે પ્લાન રચીને હારિજના એક વ્યક્તિને લાલચ આપીને બોલાવ્યો હતો. જે બાદમાં યુવતીઓએ તેને હસીન સપના બતાવી વ્યક્તિનો અર્ધનગ્ન હાલતમાં વીડિયો બનાવી લીધો હતો. બાદમાં આ વીડિયો વાયરલ કરવાની ધમકી આપી તેમજ સમાજમાં તેને બદનામ કરવાની ધમકી આપી રૂપિયાની માંગણી કરવામાં આવી હતી.

પૈસા નહીં પ્લાસ્ટિક કચરો આપો અને સ્વાદિષ્ટ વાનગીઓનો આનંદ લો

જૂનાગઢનું અનોખું કેફે : આ કેફે સર્વોદય સખી મંડળ દ્વારા ચલાવવામાં આવશે, જે મહિલાઓનું એક ગ્રુપ છે, જેમણે ખેડૂતો સાથે જોડાણ કર્યું છે

રાજકોટ,તા.૨૯

તમે તમારું રેસ્ટોરાંનું બિલ પ્લાસ્ટિક મનીથી ચૂકવ્યું હશે! આ કેફેમાં પણ તમે પ્લાસ્ટિકનો પૈસા તરીકે ઉપયોગ કરીને મોંમાં પાણી લાવી દે તેવી સ્વાદિષ્ટ વાનગીઓનો આનંદ લઈ શકો છો. ફૂડ અને બેવરેજ કંપનીઓ જ્યાં એક તરફ સિંગલ-યુઝ પ્લાસ્ટિકના વિકલ્પો શોધવામાં વ્યસ્ત છે, જેના પર પહેલી જુલાઈથી પ્રતિબંધ છે, ત્યારે જૂનાગઢે પ્લાસ્ટિકના જોખમનો સામનો કરવા માટેના ઉપાય તરીકે ફૂડની ઓફર આપી છે. ૩૦ જૂનના રોજ, જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કેફેનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે, જ્યાં લોકો પૈસાના બદલે પ્લાસ્ટિક કચરો ચૂકવણી તરીકે આપીને સ્વાદિષ્ટ વાનગીઓનો સ્વાદ લઈ શકશે. લોકો તેમના ઘરમાં રહેલો પ્લાસ્ટિક કચરો પણ લાવી શકે છે અને તેના વજનના આધારે ભોજન પીરસવામાં આવશે. આ ઉપરાંત, ભોજન માટે સામગ્રી ઓર્ગેનિક અને અને સ્થાનિક રીતે ખેડૂતો પાસેથી ખરીદવામાં આવશે. આ કેફે સર્વોદય સખી મંડળ દ્વારા ચલાવવામાં આવશે, જે મહિલાઓનું એક ગ્રુપ છે, જેમણે ખેડૂતો સાથે જોડાણ કર્યું છે, જ્યારે જગ્યા અન માળખાકીય સુવિધાઓ વહીવટીતંત્ર દ્વારા આપવામાં આવી છે.

જૂનાગઢના કલેક્ટર રચિત રાજે કહ્યું હતું કે ’અમે સ્વચ્છ અને હરિયાળા જૂનાગઢને પ્રમોટ કરવા માગીએ છીએ. શરૂઆતમાં, અમે ૫૦૦ ગ્રામ પ્લાસ્ટિક કચરાના બદલામાં એક ગ્લાસ લીંબુનો રસ અથવા વરીયાળીનો રસ આપીશું. ૧ કિલો પ્લાસ્ટિક કચરાની સામે એક પ્લેટ ઢોકળા અથવા પૌંઆ આપવામાં આવશે. પ્લાસ્ટિક કચરો જેટલો વધારે થાળી એટલી મોટી. નાગરવેલના પાન, ગુલાબ, અંજીર અને બિલા ફળમાંથી બનેલા કેટલાક આરોગ્યપ્રદ પીણાં સહિત તમામ પીણાં માટીના વાસણોમાં પીરસવામાં આવશે. મેન્યુમાં કાઠિયાવાડી અને ગુજરાતી થાળીનો પણ સમાવેશ થાય છે, જેમાં રીંગણનો ઓળો, સેવ-ટામેટાનું શાક, થેપલા અને બાજરાના રોટલાનો સમાવેશ થાય છે. જિલ્લા વહીવટીતંત્રએ એક એજન્સીને હાયર કરી છે, જે આ કચરો ખરીદશે.

બોપલમાંથી પકડાયેલા ડ્રગ્સના મામલે ઈન્ટરનેશનલ ડ્રગ્સ માફિયાઓના નામ ખુલ્યા

વિદેશથી અમદાવાદ કાર્ગો મારફતે આવતું હતું ડ્રગ્સ, ૧૦૦ જેટલા ઇન્ટરનેશનલ ડ્રગ્સ માફિયાઓની વિગત FBIને સોંપવામાં આવી

અમદાવાદ, તા.૨૯

અમદાવાદના બોપલમાં હાઈપ્રોફાઈલ ડ્રગ્સ રેકેટની તપાસમાં એક બાદ એક નવા ઘટસ્ફોટ થઈ રહ્યા છે. આરોપી વંદિત પટેલ ડાર્ક વેબનો ઉપયોગ કરીને ડ્રગ્સ મંગાવતો હતો જે અમદાવાદમાં ૨૦થી વધુ સરનામા ઉપર ડિલિવર કરાતું હતું. જુદા-જુદા એડ્રેસ ઉપર કુરિયરથી ડ્રગ્સ સપ્લાય થતું હતું. જેથી પોલીસે તમામ મકાન માલિકોને નોટિસ ફટકારી જવાબ પણ લેવામાં આવ્યો હતો. કારણ કે વંદિત અને તેની ગેંગ બંધ મકાનના એડ્રેસ ઉપર ડ્રગ્સ મંગાવતી હતી અને ત્યાંથી પીક અપ કરી ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાનમાં ડ્રગ સપ્લાય થતું હતું. ડ્રગ્સકાંડમાં અમદાવાદ ગ્રામ્ય પોલીસ અને કસ્ટમ વિભાગે સંયુક્ત તપાસ કરી છે આ કેસમાં FBI નો પણ સંપર્ક પણ કરાયો હતો. જેની તપાસમાં આજે મોટો ખુલાસો કરવામા આવ્યો છે. આરોપીઓની પૂછપરછ અને તેના દ્વારા મળેલી લિંક માંથી ૧૦૦ જેટલા ઈન્ટરનેશનલ ડ્રગ માફિયાઓના નામ સામે આવ્યા છે. તમામ ડ્રગ માફિયાની વિગતો FBI ને સોંપવામાં આવી છે.ડ્રગ મામલે FBI પણ તપાસમાં જોડાઈ ગઈ છે. હાલ NCBને સાથે રાખી હ્નૈં તપાસ કરી રહી છે. મહત્વનું છે કે વિદેશથી અમદાવાદ કાર્ગો મારફતે ડ્રગ આવતું હતું. ૨૦૦થી વધુ પેકેટ અને ૮ આરોપીઓની ધરપકડ થઈ હતી.

ગત વર્ષના નવેમ્બર મહિનામાં ગુજરાતની શાળાઓના બાળકોને ડ્રગ્સની લતે ચાવવાના કાવતરાનો મોટો પર્દાફાશ થયો હતો. અમદાવાદ ગ્રામ્ય પોલીસે જે તે વખતે ખુલાસો કરતા કહ્યું હતું કે, અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં રહેતો વંદિત પટેલ અને અન્ય ત્રણ સાગરીતો વેબસાઈટ પરથી ડ્રગ્સ ડીલરોનો સંપર્ક કરી એર કાર્ગો મારફત ડ્રગ્સ મંગાવી અમદાવાદ સહિત દેશના અલગ અલગ વિસ્તારમાં ડ્રગ્સ સપ્લાય કરતા હતા.

જિનોવાની ભારતની પ્રથમ MRNA રસીને ડીસીજીઆઈની મંજૂરી મળી

એમક્યોર ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડની પેટાકંપની જિનોવા બાયોફાર્માસ્યુટિકલ્સ લિમિટેડે જાહેરાત કરી હતી કે, તેની કોવિડ-૧૯ સામે MRNA રસી- GEMCOVAC™-19 ને ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (ડીસીજીઆઈ)ની ઓફિસમાંથી ઈમર્જન્સી યુઝ ઓથેરાઈઝેશન (ઇયુએ) મળી છે.

GEMCOVAC™-19ની રસી ભારતમાં સૌપ્રથમ વિકસાવેલી પ્રથમ MRNA રસી છે અને દુનિયામાં કોવિડ-૧૯ માટે મંજૂરી મેળવનારી ફક્ત ત્રીજી MRNA રસી બનશે. આ રસીઓ ખૂબજ અસરકારક છે. જે માટે સેલ સાયટોપ્લાઝમની અંદર પ્રોટિનના માળખામાં પરિવર્તન થવાની તેમની આનુવંશિક ક્ષમતા જવાબદાર છે. MRNA રસીઓને સલામત ગણવામાં આવે છે, કારણ કે MRNA નોન-ઈન્ફેક્શિયસ, નોન-ઈન્ટિગ્રેટિંગ છે તથા સ્ટાન્ડર્ડ સેલ્યુલર વ્યવસ્થાથી ડિગ્રેડ કરેલી છે. નોંધપાત્ર વાત એ છે કે આ ટેકનોલોજી વાયરસના કોઈ પણ અસ્તિત્વ ધરાવતા કે વિકસતાં વેરિઅન્ટ માટે રસીને ઝડપથી બદલવાની સુવિધા પ્રદાન કરે છે તથા આ ટેકનોલોજી પ્લેટફોર્મ ભારતને મહામારી માટે સજ્જ બનાવે છે.

જિનોવાની GEMCOVAC™-19નું નૈદાનિક પરીક્ષણ ત્રીજા તબક્કાના મુખ્ય અંતિમ બિંદુ પર પહોંચ્યુ છે. ક્લિનિકલ ડેટાનું મૂલ્યાંકન સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશન (સીડીએસસીઓ) દ્વારા થયું હતું. આ રસી સલામત, સારી સહનશક્તિ ધરાવતી અને રોગપ્રતિકારક હોવાની જાણકારી મળી હતી.

જિનોવા બાયોફાર્માસ્યુટિકલ લિમિટેડનો ઉદ્દેશ દર મહિને આશરે ૪૦ થી ૫૦ લાખ ડોઝ પેદા કરવાનો છે અને આ ક્ષમતા ઝડપથી બમણી થઈ શકશે.

રાજીનામું

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખૂબ રસપ્રદ અને અસરકારક સુનાવણીને બાદ કોર્ટે રાજ્યપાલના નિર્ણયને માન્ય રાખ્યો હતો. ઉપરાંત એનસીપીના બંને મંત્રીઓને પોલીસ રક્ષણ હેઠળ મતદાન માટે મંજુરી આપી હતી.

મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેની સરકારે કાલે એટલે કે ૩૦ જૂને વિશ્વાસમત સાબિત કરવો પડશે. રાજ્યપાલ ભગત સિંહ કોશ્યારીએ આ માટે વિધાનસભાનું વિશેષ સત્ર બોલાવ્યું છે. તેમાં એકમાત્ર એજન્ડા ફ્લોર ટેસ્ટ છે. કોશ્યારીએ મહારાષ્ટ્ર વિધાનસભાના સચિવને ગુરુવારે સવારે ૧૧ કલાકે ઉદ્ધવ ઠાકરે સરકારને ફ્લોર ટેસ્ટ કરવા માટે કહ્યું છે. ગુવાહાટીમાં રહેલા એકનાથ શિંદે જૂથના ધારાસભ્યો ગોવા શિફ્ટ થઈ શકે છે. જણાવી દઈએ કે શિવસેનાના બળવાખોર નેતા એકનાથ શિંદેએ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી પોતાની અરજીમાં કહ્યું છે કે મહાવિકાસ અઘાડી ગઠબંધને સદનમાં બહુમત ગુમાવી દીધું છે. શિંદેના મતે વિધાયક દળના ૩૮ સદસ્યોએ સરકારમાંથી પોતાનું સમર્થન પાછું લઈ લીધું છે. આવામાં ઉદ્ધવ ઠાકરે માટે સરકાર બચાવવી આસાન રહેશે નહીં. શિવસેનાના બળવાખોર નેતા એકનાથ શિંદે અને અન્ય ધારાસભ્યોએ ગુવાહાટીમાં આવેલા પ્રખ્યાત કામાખ્યા મંદિરમાં પૂજા અર્ચના કરી હતી. એકનાથ શિંદેએ કામાખ્યા મંદિરમાં પૂજા કર્યા પછી કહ્યું કે તે મહારાષ્ટ્રની શાંતિ અને ખુશી માટે પ્રાર્થના કરવા આવ્યા છે. ફ્લોર ટેસ્ટ માટે કાલે મુંબઈ જઈ અને બધી પ્રક્રિયાઓનું પાલન કરીશ.

દર્શન કર્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

મંગળવારે બીજેપી નેતા દેવેન્દ્ર ફડણવીસે રાજ્યપાલ ભગત સિંહ કોશિયારી સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન ફડણવીસે રાજ્યપાલને વિનંતી કરી કે તેઓ ઉદ્ધવ ઠાકરે સરકારને બહુમત સાબિત કરવા કહે. બીજી તરફ એકનાથ શિંદેએ ૫૦ ધારાસભ્યો સાથે હોવાનો દાવો કર્યો છે. આ સમગ્ર મામલે મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી ફડણવીસે જણાવ્યું કે, અમે રાજ્યપાલને એક પત્ર સોંપ્યો છે જેમાં તેમને સરકારને સદનમાં બહુમત સાબિત કરવા માટે કહેવા વિનંતી કરી છે. રાજભવનમાં ફડણવીસની સાથે મહારાષ્ટ્ર પ્રદેશ ભાજપા અધ્યક્ષ ચંદ્રકાન્ત પાટિલ અને પાર્ટી નેતા સુધીર મુંગટીવાર, પ્રવીણ દારેકર, ગિરીશ મહાજન અને આશીષ શેલાર પણ હતા.

સંક્રમણ વધ્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે નોંધાયેલા કેસમાં બે ૧ વર્ષના બાળકો સંક્રમિત થયેલા જણાતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. આજે નોંધાયેલા કેસોમાં શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્યવિસ્તારમાં એક કેસ નોંધાયો છે. આજે નોંધાયેલા કેસોમાં ૪ મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

ગાંધીનગર શહેરમાં આજે અગાઉની લ્હેર વખતે સંવેદનશીલ બનેલ સે. ૨૬માંથી એક સાથે ૪ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત સે. ૫ માંથી પણ બે કેસ મળ્યા છે. સે. ૨, ૨૪, ૨૯ ઉપરાંત પાલજ ગામેથી કેસો મળી આવ્યા છે. સે. ૨૬માં ૧ વર્ષની આયુ ધરાવતુ એક બાળક અને એક બાળકી સંક્રમિત થયેલ મળી આવેલ છે. આ ઉપરાંત ૨૮ વર્ષીય મહિલા તેમજ ૩૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૫ માં આજે બે કેસ નોંધાયેલ છે. જે પૈકી ૪૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દી પોતાના ધંધાકીય કામો માટે વિવિધ શહેરોની મુલાકાતે હતો. તેને સઘન સારવારની જરૂરિયાત જણાતાં અમદાવાદ એસ.વી.પી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત સે. ૫ માંથી ૧૭ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

પાલજ ગામેથી ૩૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૯માંથી ૩૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. સે. ૨ માંથી ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. સૌથી વધુ વસ્તીનું ભારણ ધરાવતા સે. ૨૪માંથી ૪૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

શહેરમાં કોરોના સંક્રમણ વધી રહ્યુ છે. લોકલ ટ્રાન્સમિશનને પગલે કેસો વધી રહ્યાનું તંત્રના અંતરંગ સૂત્રોનું માનવું છે.

શહેરમાં આજે નોંધાયેલા ૧૦ કેસ સહિત ૫૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. નવ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા માટે તાકીદ કરી છે.

પાણીની રામાયણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. છેલ્લા ચાર પાંચ દિવસથી નવા સેકટરોમાં પાણીનો ફોર્સ ઘટી ગયો છે. જેમાં મોટાભાગે સે-૨ , સે-૩ , સે-૪ અને સે-૫ માં પાણીની પોકાર વિશેષ કાને અથડાય છે. નવા સેકટરોમાં અગાઉ આકરી ગરમીના દિવસોમાં પણ વારંવાર પાણી ફોર્સથી ન આવતુ હોવાનો રોષ પ્રબળ બન્યો હતો શહેરમાં એકબાજુ ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી લાઈન નાંખવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પણ શેહરીજનોને પુરતા ફોર્સથી પાણી સપ્લાય ન થતુ હોવાનો રોષ પણ ઉઠ્યો છે. વરસાદી દિવસોની શરૂઆત હજુ થઈ નથી ત્યારે આકરી ગરમીના પ્રકોપ વચ્ચે પાણીની સમસ્યા ફરી એકવાર સ્થાનિકો માટે રોષનુ કારણ બની છે. સેકટરોના રહેણાંક વિસ્તારમાં સવારે સપ્લાય થતા પાણીના અંતે રહેણાંક વિસ્તારમાં રહીશોના ઘરોની ટાંકી પણ પુરતી ભરાતી ન હોવાનો કકળાટ પ્રબળ બન્યો છે. એકબાજુ વરસાદ વિના સેકટરવાસીઓ ગરમીથી અકળાયા છે. ત્યારે પાણી પણ પુરતા પ્રમાણમાં નસીબ ન થતા રહીશો આગ બબુલા બન્યા છે. સુત્રોના જણાંવ્યા મુજબ નવા સેકટરોમાં પાણીના સપ્લાય મામલે કોઈ સમસ્યા નથી જયારે બીજીતરફ ફોર્સથી પાણી ન આવતુ હોવાના લીધે સ્થાનિક રહીશોએ ઘણીવાર ટેન્કર બોલાવાની ફરજ પડે છે.

લાગણીનો મેળો

● અનુસંધાન ચોથાનું ચાલુ...

પછી શબ્દનું માત્ર છોતરું રહે છે.’ પેલી સર્વકાલીન સર્વદેશીય લોકોકિત સૌ જાણે છે.’ નાણા વગરનો નાથિયો, નાણે નાથાલાલ. આદિશંકરાચાર્યજીએ ‘ચર્પટ પંડરિકા’ સ્તોત્રમાં ગાયું છે કે ‘જયાં સુધી તું ધન કમાવા સશક્ત છે ત્યાં સુધી જ તારો પરિવાર તારા પર આસક્તિ રાખશે.’

પ્રાણવાયુ સમાન પૈસો પરમેશ્વર કરતાંય અધિક વહાલો પુરવાર થયો છે. ટોલ્સટોયની વાર્તા ‘એક માણસને કેટલી જમીન જોઈએ ?’ આનાથી સૌ કોઈ વિદિત છે. ભલે પૈસા અનિષ્ટ-અનર્થ કે હાથનો મેલ ગણાતો હોય પણ અત્યાવશ્યક એટલો જ છે.

અંતમાં જાવેદ અખ્તરના શબ્દો વિચારણીય છે;

‘ગિન ગિન કે સિક્કે હાથ મેરા ખુરદુરા હુઆ,

જાતી રહી વહ લમ્સ કી નરમી, બુરા હુઆ.’ - અર્થાત્

સિક્કા ગણી-ગણીને મારો હાથ ખરબચડો થઈ ગયો (પરિણામે) સ્પર્શમાંથી પહેલાં હતી એ નરમાશ ચાલી ગઈ છે. ભલે રોકડ - નાણાંનો વ્યવહાર અદૃશ્ય થયો ને ઓનલાઈન બેન્કિંગ કે ક્રેડિટ-ડેબિટ કાર્ડ આવ્યા પણ પૈસાની ભૂખ તો વધી છે. પૈસાએ સંવેદન શૂન્ય બનાવ્યા એ હકીકત છે બસ સૌ કોઈ એનકેન પ્રકારે પૈસા બનાવવા ઉધામા કરે છે. મફતનું, મહેનત વગરનું, છેતરીને, પડાવી લેવામાં કયાંય શેહશરમ નડતી નથી... બધાને રાતોરાત કરોડપતિ થવાની હેડકી ઊપડી છે !!!

સ્પર્શમણિ :

પૈસા વગર જિંદગી માણી શકાય પરંતુ જિંદગી વગર પૈસા વાપરી શકાય નહીં

● ● ●

ધન રાષ્ટ્રનું જીવન - રક્ત છે.

- rasikvaland1965@gmail.com, Mo. 9913426949